For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

નાસીરનગરની બાજુમાં પ્રોજેક્ટ કરી રહેલા બિલ્ડરો સંજય અને શૈલેષ દ્વારા ડિમોલિશનને

# ‘ભૂતિયા’માંથી ‘સ્વૈચ્છિક’માં ખપાવવા કારસો શરૂ

**બંને** બિલ્ડરોએ બારોબાર ડિમોલિશન કરી દીધું પણ હવે ભેરવાઈ જતાં બહાર નીકળવા ધમપછાડા

**જ્યાં** સુધી રસ્તો ખુલ્લો નહીં થાય ત્યાં સુધી બિલ્ડરોનો પ્લાન પાસ થાય તેમ નથી

**એક** વર્ષ પહેલા પણ બિલ્ડરોએ પૃચ્છા કરી ત્યારે તેમને કહી દેવાયું હતું કે રસ્તા વગર પ્લાન મંજૂર નહીં થાય

**હાલમાં** પણ બિલ્ડરની પીવીસીની ફાઈલ રસ્તાના વાંકે અટકી જ છે, તેથી જ ડિમોલિશનનો કારસો રચાયો

સુરત:વેડદરવાજાના નાસીરનગરમાં થયેલા ભૂતિયા ડિમોલિશનને હવે સ્વૈચ્છિક ડિમોલિશનમાં ખપાવવા માટે બાજુની જગ્યાના બિલ્ડરો સંજય અને શૈલેષ દ્વારા ધમપછાડા શરૂ કરી દેવામાં આવ્યા છે. આ બિલ્ડરો દ્વારા અસરગ્રસ્તોને નાણાંની ઓફર કરીને આ ડિમોલિશન અસરગ્રસ્તો દ્વારા સ્વૈચ્છિક રીતે કરવામાં આવ્યું તેવી એફિડેવિટ કરાવાઈ રહી છે. કહે છે કે આ ડિમોલિશનમાં મનપા પર માછલા ધોવાતા આખરે બિલ્ડરો પર દબાણ કરવામાં આવતાં બિલ્ડરો હવે પોતાની ચામડી બચાવવા માટે કહેવાતા સ્વૈચ્છિક ડિમોલિશનનો ‘ખેલ’ શરૂ કરવામાં આવ્યો છે. બિલ્ડરોની એવી ગણતરી છે કે જો અસરગ્રસ્તો જ એવું

...અનુસંધાન પાના 7 પર

## તપાસ સમિતીની પ્રથમ બેઠકમાં સેન્ટ્રલ ઝોનના ચીફને વિગતો રજૂ કરવા આદેશ




નાસીરનગર ડિમોલીશન પ્રકરણમાં સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓની ભૂમિકા અંગે તપાસ કરવા માટે મનપા કમિશનર દ્વારા ગઠિત 6 સભ્યોની તપાસ કમિટીએ કામગીરી શરૂ કરી દીધી છે. આ સમિતીની આજે પ્રથમ બેઠક યોજાઈ હતી. જેમાં સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ આશિષ નાયકને પત્ર પાઠવી નાસીરનગરમાં થયેલા ડિમોલીશન દરમિયાન થયેલી સમગ્ર કામગીરી અંગેનો વિગતવાર અહેવાલ 16 જૂન સુધીમાં રજૂ કરવા આદેશ કરાયો છે. સાથે સાથે ઘટનાના

...અનુસંધાન પાના 7 પર

### મનપા કચેરીએ મીડિયા સાથેની માથાકૂટમાં મનપાના ત્રણ માર્શલ અને એક PSIની બદલી

નાસીરનગરના ડિમોલિશનના વિવાદમાં મનપા કચેરી ખાતે ઈલેક્ટ્રોનિક મીડિયા કર્મી અને માર્શલો તેમજ પોલીસ વચ્ચે થયેલા ઘર્ષણમાં લાલગેટ પોલીસ મથકના પીએસઆઈ એસ.એ. અંસારીની તાત્કાલિક અસરથી ટ્રાફિક શાખામાં બદલી કરી દેવામાં આવી છે. જ્યારે મનપામાં પાંચ માર્શલો સામે પણ સપાટો બોલાવતા પોલીસ કમિશનરે તેમને તાત્કાલિક અસરથી ટ્રાફિક શાખામાં બદલી કરવાનો આદેશ

...અનુસંધાન પાના 7 પર

### ભૂતિયા ડિમોલિશન પાછળ મંત્રીની ભલામણ જવાબદાર હોવાની ચર્ચા

વેડ દરવાજાના નાસીરનગરનું ભૂતિયા ડિમોલિશન સરકારના એક મંત્રીના ઈશારે કરવામાં આવ્યું હોવાની ભારે ચર્ચા ઉઠી છે. મનપાએ આ મંત્રીના આદેશને પગલે કાયદાકીય પ્રક્રિયાને અનુસરવાને બદલે બારોબાર ડિમોલિશન કરી દીધું હોવાનું ચર્ચાઈ રહ્યું છે. મંત્રીના દબાણથી કામ કરવા જવામાં મનપા ભેરવાઈ જવા પામી હોવાનું કહેવાઈ રહ્યં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંબંધિત જમીનમાંથી પસાર થતી 12 મીટર પહોળા રસ્તાની લાઇનદોરીને

...અનુસંધાન પાના 7 પર

# અખરોટની 31.48 કરોડની ડ્યૂટી ચોરીમાં સુરતના સ્નેહ કાકડિયાની ધરપકડ

**SAFTA** યોજના હેઠળ ખોટા દસ્તાવેજો રજૂ કરી 43 બિલ ઓફ એન્ટ્રી મારફતે ગેરકાયદે લાભ મેળવ્યાનો આરોપ

**અફઘાનિસ્તાનના** નામે ચીન-અમેરિકાથી અખરોટ સ્નેહ કાકડીયાએ આયાત કરી હતી

સુરતઃ દક્ષિણ એશિયન મુક્ત વેપાર કરાર (SAFTA) હેઠળ મળતી કસ્ટમ ડ્યૂટી મુક્તિનો ગેરલાભ લેવા માટે અફઘાનિસ્તાનના નામે ચીન, અમેરિકા અને ચિલીમાંથી આયાત કરાયેલા અખરોટને ખોટી રીતે રજૂ કરીને રૂ. 31.48 કરોડથી વધુની કસ્ટમ ડ્યૂટીની ચોરી કરવામાં આવી હોવાનો ગંભીર આરોપ સામે આવ્યો છે. આ પ્રકરણમાં જેએનસીએચ (JNCH) ન્હાવા શેવા સ્થિત સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ યુનિટે સુરતના સ્નેહ દીપકભાઈ કાકડિયાની ધરપકડ કરી મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ સમક્ષ ટ્રાન્ઝિટ રિમાન્ડ અરજી રજૂ કરી હતી. સુરતની કોર્ટે એ ગ્રાહ્ય રાખતા મુંબઈ કસ્ટમ વિભાગ સ્નેહ કાકડિયાની ધરપકડ કરી મુંબઈ લઈ ગઈ છે.

કસ્ટમ્સ વિભાગના જણાવ્યા મુજબ જેએનપીટી મારફતે આયાત થયેલા અખરોટ અંગે મળેલી ચોક્કસ બાતમીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મૂળ ચીન, અમેરિકા અને ચિલીના અખરોટને અફઘાનિસ્તાનના હોવાનું દર્શાવી SAFTA હેઠળ બેઝિક કસ્ટમ્સ ડ્યૂટીમાંથી મુક્તિ મેળવવામાં આવી હતી. આ માટે ખોટા અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન મુંબઈ સ્થિત એમ/એસ ઓરેન્જ બોક્સ લાઈન (ઈન્ડિયા) ખાતે દરોડા પાડવામાં આવ્યા હતા.

ત્યાંથી ઈરાનના બંદર અબ્બાસથી યુએઈના જેબલ અલી પોર્ટ સુધી માલ પરિવહન દર્શાવતા ટ્રાન્ઝિટ બિલ ઓફ લેડિંગ સહિતના શંકાસ્પદ દસ્તાવેજો મળી આવ્યા હતા. કસ્ટમ્સના કહેવા મુજબ આ દસ્તાવેજો

...અનુસંધાન પાના 7 પર

### અનેક કંપનીઓ વચ્ચે કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો પણ સામે આવ્યા

મુંબઈ કસ્ટમ્સના સૂત્રોના જણાવ્યા મુજબ કસ્ટમ્સ તપાસમાં અનેક કંપનીઓ વચ્ચે કરોડો રૂપિયાના નાણાકીય વ્યવહારો પણ સામે આવ્યા છે. ડીપક ટ્રેડિંગ, આકાશ એન્ટરપ્રાઇઝ, એબીસી એન્ટરપ્રાઇઝ અને બેસ્ટ ડીલ ટ્રેડર્સ સહિતની સંસ્થાઓ મારફતે નાણાંનું સ્તરીય હેરફેર કરીને વાસ્તવિક લાભાર્થીઓની ઓળખ છુપાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું કસ્ટમ્સે જણાવ્યું છે. ચિરાગ ચમારિયાએ વધુમાં આરોપ મૂક્યો હતો કે તેમની પાસે રહેલા મોબાઇલ ફોનમાં વોટ્સએપ ચેટ, ઇ-મેઇલ, કોલ રેકોર્ડ તથા અન્ય ઇલેક્ટ્રોનિક પુરાવા હતા, જે સ્નેહ કાકડિયાએ પોતાના કબજામાં લઈ લીધા હતા. ઉપરાંત તેમને અને તેમના પરિવારને ધમકીઓ પણ આપવામાં આવી હોવાનું નિવેદનમાં જણાવાયું છે.

# મેઘરાજાની મહેર માટે નવસારીના પારસીઓમાં ‘ઘી-ખીચડી’ની પરંપરા

**1920માં** પડેલા દુષ્કાળથી શરુ થયેલી પરંપરા 105 વર્ષથી અવિરત ચાલી રહી છે

**ઘરે-ઘરેથી** ઘી ખીચડી ઉઘરાવી પારસી સમાજના લોકો સામુહિક ભોજન કરે છે



નવસારીઃ વરસાદની એક-એક બૂંદને જીવનનો આધાર માનતી અને કુદરત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતી પારસી સમાજની ઐતિહાસિક ‘ઘી-ખીચડી’ પરંપરા નવસારીમાં શ્રદ્ધા, સંવેદના અને ઉત્સાહ સાથે ઉજવાઈ હતી. પવિત્ર બમન માસ દરમિયાન યોજાતી આ પરંપરા માત્ર ધાર્મિક વિધિ નહીં, પરંતુ પ્રકૃતિ, માનવતા અને સહઅસ્તિત્વના મૂલ્યોને જીવંત રાખતી એક અનોખી સાંસ્કૃતિક ધરોહર છે. વર્ષ 1920માં પડેલા વિકટ દુષ્કાળ દરમિયાન સારા વરસાદ અને અન્નની સમૃદ્ધિ માટે કરવામાં આવેલી પ્રાર્થનામાંથી જન્મેલી આ પરંપરા આજે ૧૦૫ વર્ષથી વધુ સમય બાદ પણ અખંડિત રીતે જળવાઈ રહી છે. બદલાતા સમય અને આધુનિક જીવનશૈલી વચ્ચે પણ નવસારીનો પારસી સમાજ આ અમૂલ્ય વારસાને નવી પેઢી સુધી પહોંચાડી રહ્યો છે.

ઉજવણી દરમિયાન સમાજના યુવાનો અને વડીલો પરંપરાગત ગીતોના મધુર સ્વરો સાથે ઘરે-ઘરે ફરી ચોખા, દાળ અને ઘી એકત્રિત કરે છે. ત્યારબાદ સામૂહિક રીતે ઘી-ખીચડી તૈયાર કરવામાં આવે છે. આ પરંપરાની વિશેષતા એ છે કે તૈયાર કરાયેલી ખીચડી સૌપ્રથમ શ્વાનને

...અનુસંધાન પાના 7 પર

# ઉત્રાણમાં બંધ પડેલી કારમાંથી યુવકની કોહવાયેલી લાશ મળી

**તીવ્ર** દુર્ગંધ આવતા સ્થાનિકોએ પોલીસને જાણ કરી

**પાંચ** દિવસથી ગુમ રવિ ચૌધરીના શરીર પર ઇજાના નિશાન

સુરતઃ ઉત્રાણ વિસ્તારમાંથી પાંચ દિવસથી ગુમ થયેલ 28 વર્ષીય યુવાનની કોહવાયેલી હાલતમાં લાશ એક પાર્ક કરેલી કારમાંથી મળી આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ માંડવી તાલુકાના ઝંખવાવ ગામના વતની અને હાલ ઉત્રાણના હળપતિવાસ વિસ્તારમાં રહેતા રવિ અર્જુનભાઈ ચૌધરી (ઉ.વ. 28) ગત 6મી તારીખે બપોરે કોઈને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયા હતા. રાત્રિ સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી. સતત તપાસ છતાં કોઈ ભાળ ન મળતા પોલીસને

...અનુસંધાન પાના 7 પર

### કાર લકી હોવાથી માલિક વેચતો ન હતો

જે કારમાંથી રવિનો મૃતદેહ મળી આવ્યો હતો તે કાર લાંબા સમયથી એક સ્થાનિક વ્યક્તિએ સોસાયટી નજીક પાર્ક કરી રાખી હતી. જૂની થઈ જવા છતાં માલિક તેને પોતાની ‘લકી કાર’માનતા હોવાથી વેચી નહોતા. કારનો નંબર MH 04 CT 0076 હતો. જે માલિકનો લકી નંબર હોવાનું જાણવા મળ્યું હતું. પ્રાથમિક આશંકા મુજબ રવિ કારની અંદર સૂઈ ગયા હોય અને ત્યાં જ તેમનું મોત થયું હોય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે સમગ્ર ઘટનાનું સાચું કારણ પોલીસ તપાસ અને ફોરેન્સિક રિપોર્ટ બાદ જ સ્પષ્ટ થશે.

### ચોમાસું બારણે હોવાથી તાડપત્રીની ખરીદી વધી ગઇ



હવે રોજેરોજ વાદળ છવાઇ છે અને ચોમાસું હવે શરુ થઇ જવાનું હોવાથી તાડપત્રીની માંગ વધી ગઇ છે. જેના કારણે તાડપત્રીની ખરીદી વધી ગઇ છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

# દ.ગુ. માટે ગૌરવ, બેની U-19 મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી

## નવસારીની મૈત્રી મણિયારની ભારતની અંડર-19 મહિલા ક્રિકેટ ટીમમાં પસંદગી

**તાજેતરમાં** મૈત્રીએ મહિલા અંડર-19 વન ડેમાં શાનદાર અડધી સદી ફટકારીને પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું

**મુશ્કેલ** પરિસ્થિતિમાં સંયમપૂર્વક રમીને ટીમ માટે સ્કોર કરવાની તેની ક્ષમતા અન્યોથી અલગ પાડે છે

### ભારતીય ટીમમાં સ્થાન મળવું મારા માટે ગૌરવની ક્ષણ છે: મૈત્રી મણિયાર



મૈત્રીએ પોતાની ખુશી વ્યક્ત કરતાં જણાવ્યું કે ભારતીય ટીમમાં સ્થાન મળવું તેના માટે ગૌરવની ક્ષણ છે, પરંતુ તે આને અંતિમ સિદ્ધિ નહીં, એક નવી શરૂઆત માને છે. આગામી દિવસોમાં વધુ મહેનત કરીને

...અનુસંધાન પાના 7 પર

નવસારી, વડોદરાઃ કહેવાય છે કે જો મનમાં અતૂટ જુસ્સો અને કંઈક કરી છૂટવાની તમન્ના હોય, તો ભૌગોલિક સીમાઓ કે નાના શહેરો ક્યારેય આડા આવતા નથી. આ વાતને સાબિત કરી બતાવી છે નવસારીની ઉભરતી યુવા ક્રિકેટર મૈત્રી મણિયારે. આગામી શ્રીલંકા સામે રમાનારી દ્વિપક્ષીય શ્રેણી - ૨૦૨૬ માટે ભારતની અંડર-૧૯ મહિલા ક્રિકેટ ટીમની સંભવિત ખેલાડીઓમાં

...અનુસંધાન પાના 7 પર

## અંડર-19 ટીમમાં પસંદગીથી સુરતની ગૌરી માટે વર્લ્ડકપના દરવાજા ખૂલ્યા

**અત્યાર** સુધી 28 મેચ રમી ચૂકેલી ગૌરી મિડલ ઓર્ડર માટે અનુભવી બેટ્સમેન

**BCCI** 2027માં બાંગ્લાદેશ અને નેપાળ ખાતે યોજાનારા અંડર-19 મહિલા વર્લ્ડ કપ માટે ગૌરીની પસંદગી કરી શકે છે

### મહેનતથી મેળવ્યું સફળતાનું શિખર



ગૌરીના પિતા પ્રકાશ ગોયલે જણાવ્યું હતું કે બાળપણથી જ ગૌરીને ક્રિકેટ પ્રત્યે વિશેષ લગાવ હતો અને તે બિલ્ડિંગના છોકરાઓ સાથે ક્રિકેટ રમતી હતી. વર્ષ 2021-22માં અંડર-15 ટીમમાં પસંદગી ન થતાં તે નિરાશ થવાને બદલે વધુ મહેનત તરફ વળી હતી. રોજ 8થી 10 કલાક પ્રેક્ટિસ કરીને

...અનુસંધાન પાના 7 પર

સુરતઃ ભારતની મહિલા અંડર-19 ટીમમાં શ્રીલંકાના પ્રવાસ માટે પસંદ થયેલી ગૌરી ગોયલ આ સ્થાન મેળવનારી સુરત અને ગુજરાતની પ્રથમ મહિલા ખેલાડી બની છે. ગૌરી હાલમાં ધોરણ-12માં અભ્યાસ કરી રહી છે અને લેફ્ટ આર્મ સ્પિનર તેમજ મિડલ ઓર્ડર બેટર તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં સતત ઉત્કૃષ્ટ દેખાવના આધારે તેણે પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું. તાજેતરમાં BCCI દ્વારા આયોજિત

...અનુસંધાન પાના 7 પર

# પ્લેનક્રેશના મૃતક અકીલ નાનાબાવાની યાદમાં ઈન્ડોનેશિયામાં મસ્જિદ બની

**વિમાન** દુર્ઘટનામાં મુળ સુરતના અકીલ નાનાબાવા તેમની પુત્રી અને પત્નીનું પણ નિધન થયું હતું

**7 વર્ષ** પહેલા તેઓ ઇન્ડોનેશિયાન લોમ્બોક ટાપુ પર ગયા હતા ત્યારે ત્યાં ઇબાદત માટે યોગ્ય જગ્યા ન હતી

**ન્યૂપોર્ટ** અને ગ્લોસ્ટરના મિત્રોને આ વાત જણાવી મસ્જિદ બનાવવાનું નક્કી કર્યું હતું



સુરત : અમદાવાદની પ્લેન દુર્ઘટનાને 12 જૂને એક વર્ષ પૂર્ણ થયું છે. સમગ્ર દેશને આંચકો આપનારી આ ઘટનામાં મૂળ સુરતના ઉદ્યોગપતિ અકીલ નાનાબાવા પણ જન્નતનશીન થયા હતાં. સાથે સાથે તેમની પુત્રી સારા અને તેમનાં પત્ની હન્ના વોરાજીનું પણ નિધન થયું છે. જો કે તેમના મિત્રો અને પરિવારજનોએ તેમની યાદમાં ઈન્ડોનેશિયના લોમ્બોક ટાપુ પર એક મસ્જિદ અને આશ્રય સ્થાન બનાવ્યું છે. આ સ્થળ એટલા માટે પસંદ કરવામાં આવ્યું કારણ કે, 7 વર્ષ પહેલા અકીલ નાનાબાવા ઈન્ડોનેશિયાના લોમ્બોક ટાપુ પર ગયા હતાં. ત્યાં તેમણે જોયું હતું કે, ત્યાં ઈબાદત કરવા માટે યોગ્ય જગ્યા ન હતી. તેથી ત્યાં મસ્જિદ બનાવવાની તેમની ઇચ્છા હતી જે તેમના મિત્રો અને પરિવારજનો પૂર્ણ કરી છે.

ચાર વર્ષની પુત્રી સારા, 12 જૂન 2025ના રોજ અમદાવાદ એરપોર્ટથી

...અનુસંધાન પાના 7 પર




૩૪ મી પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ


આજે ૩૪ વર્ષ પુરા થયા તોય આંખના પલકારા સામે તમારી વિદાય ભુલી નથી શકતા, સમય ઘણું બધુ શીખવી જાય છે તેમ છતાં તમે ચીંધેલા માર્ગે અમો ચાલી રહ્યા છીએ, યાદ તમારી અમારા જીવનનો સહારો છે, આપના આર્શીવાદની વર્ષા અમારા ઉપર સદૈવ બની રહે. અંતે પરમકૃપાળુ પરમાત્મા આપના પવિત્ર આત્માને પરમ શાંતિ અર્પે એજ અંતરની પ્રાર્થના...

લિ. ગં.સ્વ. રેખાબેન રમેશચંદ્ર પટેલ
જયંતિભાઈ ઠાકોરભાઈ પટેલ
હર્ષદ ઠાકોરભાઈ પટેલ (એડવોકેટ)
રાજેશકુમાર રમેશચંદ્ર પટેલ
પ્રિન્સ રાજેશકુમાર પટેલ
તથા સમસ્ત પરિવાર

સ્વ.રમેશચંદ્ર ઠાકોરભાઈ પટેલ
સ્વ.તા. ૧૩/૦૬/૧૯૯૨

રહે.: મુ. આંધી, ઠાકોરદ્વાર બંગલો, તા. ઓલપાડ, જી. સુરત

શ્રદ્ધાંજલિ



સત્યને સ્વીકારવું સહેલું નથી,
આપથી જુદા થવું સહેલું નથી.
હિમ જેવા સ્પર્શથી જાણી ગયા,
મૌનને ઢંઢોળવું સહેલું નથી. અમારા
સૌના હૃદયસ્થ એવા સ્વર્ગસ્થને
કોટી - કોટી વંદન સાથે ભાવભીની
ભાવાંજલિ પાઠવીએ છીએ.



સ્વ. પ્રાણશંકર લાલજીભાઈ પાઠક
સ્વ. તા. ૦૫/૦૧/૨૦૨૩

લિ.
નિતિનકુમાર પ્રાણશંકર પાઠક
સવિતાબેન નિતિનકુમાર પાઠક
સાનવી નિતિનકુમાર પાઠક
સાંઈ મંદિર, સહકાર નગર, નવાગામ, તા. કામરેજ

સ્વ. રામીબેન પ્રાણશંકર પાઠક
સ્વ. તા. ૧૩-૦૬-૨૦૨૪

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



સ્વ. પ્રવિણચંદ્ર મંગળપ્રસાદ દિવાન
જન્મ તા. ૦૮-૦૧-૧૯૪૨
સ્વ.તા. ૧૧-૦૬-૨૦૨૬

દુઃખદ અવસાન-પ્રાર્થના સભા

દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિ / અમારા પિતાશ્રી પ્રવિણચંદ્ર મંગળપ્રસાદ દિવાન તા. ૧૧-૦૬-૨૦૨૬, ગુરૂવાર ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

સદ્‌ગતની પ્રાર્થના સભા

તા. ૧૩-૦૬-૨૦૨૬ ને શનિવારના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ દરમ્યાન સરદાર વલ્લભભાઈ પટેલ ભવન ગેસ્ટ હાઉસ, કેન્દ્રીય વિદ્યાલય પાસે, ઈચ્છાનાથ સર્કલ, સુરત ખાતે રાખેલ છે.

લિ.
ગં.સ્વ. પ્રતિભા પ્રવિણચંદ્ર દિવાન (પત્ની)
ભાદુરી(ધ્વનિ) ધ્રુવ દલાલ(પુત્રી) ધ્રુવ રોહિતચંદ્ર દલાલ (જમાઈ)
કેયુરી જીગર દેસાઈ (પુત્રી) જીગર જયંત દેસાઈ (જમાઈ)
નેહા સૌરભ શાહ (પુત્રી) સૌરભ પદ્મકાંત શાહ (જમાઈ)
વેદાંત, હર્ષ, હેત, સાવ્ય (દોહિત્ર)

૧૨મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ.રમેશભાઈ ગોપાળભાઈ પટેલ
સ્વ. તા. ૧૩/૦૬/૨૦૧૪

જીવનભર પરિશ્રમના દિવસો વિતાવી પરિવારને સમૃધ્ધ બનાવી ચંદનસમુ જીવન જીવીને શૂન્યમાંથી સર્જન કરી સૌને માટે ફુલો પાથર્યા. આપનું સ્મરણ અમારો પ્રાણ છે. આપનો સ્નેહ અમારી શકિત છે. આપના દિવ્ય આત્માને પરમાત્મા પરમ શાંતિ બક્ષે એમ અંતરથી પ્રાર્થના.

લિ.
સ્વ. ગોપાળભાઈ જેરામભાઈ પટેલ
સ્વ. લલિતાબેન ગોપાળભાઈ પટેલ
ગં.સ્વ. ગીતાબેન રમેશભાઈ પટેલ
રીતેશ રમેશભાઈ પટેલ - ખુશ્બુ રીતેશભાઈ પટેલ
અમિષા રમેશભાઈ પટેલ
જીજ્ઞાસા હેમલભાઈ પટેલ - દિકરી   હેમલ સુરેશભાઈ પટેલ - જમાઈ
રાહિલ, પીહુ, પ્રેયા, સારાંશ
નીલકંઠ સેલ્સ કોર્પોરેશન - શિવ સેલ્સ કોર્પોરેશન

પ્રાર્થના સભા



અત્યંત દુઃખ સાથે જણાવવાનું કે અમારા સ્વજન

ડૉ. ભાનુચંદ્ર એમ. ગોકાણી

(ભૂતપૂર્વ પ્રોફેસર, સરકારી મેડિકલ કોલેજ બરોડા, માનદ પ્રોફેસર, સરકારી મેડિકલ કોલેજ સુરત, વરિષ્ઠ સલાહકાર પ્રસૂતિશાસ્ત્ર અને સ્ત્રીરોગ નિષ્ણાંત) ગુરુવાર તા. 11/06/2026 ના રોજ દેવલોક પામ્યા છે.

: સ્થળ :
તારીખ : 14/06/2026 રવિવાર | સમય : સવારે 9.00 થી 11.00 કલાકે
સ્થળ : શ્રી સુરત પાંજરાપોળ AC હોલ
બી.એસ.એન.એલ. ઓફિસની સામે, ઘોડદોડ રોડ, સુરત.

લિ.
ડો. તરલિકા ભાનુચંદ્ર ગોકાણી
ડો. સંજીવ રાવ | ડો. ઋતા ગોકાણી રાવ
પ્રિષા સંજીવ રાવ તથા સમસ્ત પરિવાર